આદ્યં સંરંભ-સમારંભ-આરંભ-યોગ-કૃત-કારિત
અનુમત-કષાય-વિશેષૈ: ત્રિ: ત્રિ: ત્રિ: ચતુ: ચ એકશ: ૬-૯

<u>સૂત્રાર્થ</u>: આદ્ય (પહેલું જીવ અધિકરણ) સંરંભ, સમારંભ અને આરંભ ભેદથી ત્રણ પ્રકારનું, યોગ ભેદથી ત્રણ પ્રકારનું, કૃત, કારિત અનુમત ભેદથી ત્રણ પ્રકારનું તથા કષાય ભેદથી ચાર પ્રકારનું છે.

<u>ભાવાર્થ</u>: સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ; મન, વચન-કાયના યોગથી થઈ શકે માટે 3×3 = ૯ ભેદ, આ નવે ભેદ સ્વયં કરે, કરાવે કે અનુમોદે તેથી ૯×3 = ૨૭ ભેદ. આ ૨૭ ભેદોમાં ક્રોધ, માન, માયા, લોભ ચાર ભેદે ગણતા ૨૭×૪ = ૧૦૮ ભેદે જીવ અધિકરણ થયેલું છે.

<u>શંકા</u>: સંરંભ, સમારંભ અને આરંભ એટલે શું?

<u>સમાધાન</u>:

<u>સંરંભ</u>: એટલે હિંસા આદિ ક્રિયાનો સંકલ્પ કરીવા માટેનો વિચાર

<u>સમારંભ</u>: હિંસા આદિના સંકલ્પને પૂર્ણ કરવા જરૂરી સામગ્રી + સાધનો ભેગા કરવા

<u>આરંભ</u>: હિંસા કરવી

<u>શંકા</u>: કૃત, કારિત અને અનુમત એટલે શું?

<u>સમાધાન</u>:-

કૃત = સ્વયં હિંસા આદિની ક્રિયા કરવી.

કારિત = બીજા પાસે હિંસા કરાવવી

અનુમત = બીજાની હિંસાની ક્રિયાની અનુમોદના કરવી

દાખલા તરીકે કોઈ માણસ ક્રોધ કે હિંસા (આરંભ) કરે છે, કરાવે છે અને અનુમોદન આપે છે તે બધા ભેદ શાબ્દિક સ્પષ્ટ સમજી શકાય.

(1) ક્રોધ - કૃત - કાય - આરંભ
ગુસ્સાથી ધમધમતો કોઈ માણસ કાયા વડે જાતે હિંસા કરે તો તેને ક્રોધ-કૃત-કાય-આરંભ કહેવાય. જેમકે ખૂન કરે.

(2) ક્રોધ - કારિત - કાય - આરંભ
ગુસ્સાથી ધમધમતો તે માણસ જો કાયા વડે બીજા પાસે હિંસા કરાવે તો તેને ક્રોધ-કારિત-કાય-આરંભ કહેવાય. જેમ કે ગુંડાને પૈસા આપી ખૂન કરાવે.

(3) ક્રોધ અનુમત - કાય - આરંભ

ગુસ્સાથી ધમધમતો તે માણસ બીજાએ કરેલી હિંસાને અનુમોદન (support આપે) તો તે ક્રોધ-અનુમત-કાય-આરંભ કહેવાય.
જેમ કે જે વ્યક્તિ દ્વારા પોતાને લાભ મળવાનો હતો પણ લાભ ન મળ્યો અને એ જ વ્યક્તિનું ખૂન થયું સાંભળી બહુ સારું થયું - તે જ હાવભાવનો એવો ભાવ કાયાની ચેષ્ટા દ્વારા કરે.

~~આ~~ ઉપરનું દૃષ્ટાંત એક Sample તરીકે આપ્યું / વિચાર્યું. આ રીતે માન, માયા, લોભ, મન, વચન વગેરે દરેક દૃષ્ટિએ ઉપરનું ઉદાહરણ વિચારીએ તો 108 ભેદ થાય.
આ રીતે આત્માના પ્રત્યેક ભેદોની સૂક્ષ્મ અને નિયમિત રીતે જો વિચારણા કરવામાં આવે તો અલગ કષાયથી, યોગથી, કરવા, કરાવવા કે અનુમોદના વડે પ્રત્યેક ભેદની ઝીણવટભરી વિચારણા થઈ શકે.

## નિર્વર્તના-નિક્ષેપ-સંયોગ-નિસર્ગાઃ દ્વિ-ચતુઃ-દ્વિ-ત્રિભેદાઃ પરમ્ ------ ૬-૧૦

**સૂત્રાર્થ:** જીવના અજીવ અધિકરણના નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ એમ ચાર ભેદ છે. તેના અનુક્રમે બે, ચાર, બે અને ત્રણ ભેદો છે.

**ભાવાર્થ:** નિર્વર્તના એટલે રચના, રચવા ઉત્પન્ન કરવું રચવા બનાવવું.
તેના બે ભેદ છે.
(૧) મૂલગુણ નિર્વર્તના અને (૨) ઉત્તરગુણ નિર્વર્તના

(૧) મૂલગુણ નિર્વર્તના: (આભ્યંતર)
પુદ્ગલ દ્રવ્યની જે ઔદારિક વગેરે શરીર રૂપ રચના, જીવની શુભ કે અશુભ પ્રવૃત્તિમાં ઉપયોગી થાય તે મૂલગુણ નિર્વર્તના. અહીં મૂલ નો અર્થ મુખ્ય કે આભ્યંતર સમજવો.
શરીર પાંચ પ્રકાર છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. ઉપરાંત ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ વગેરે પુદ્ગલોની રચના જ છે.
જેમકે-માણસનું સુંદર કે બેડોળ શરીર, સુસ્વર કે દુસ્વર વાણી વગેરે મૂલ ગુણ નિર્વર્તનાના ઉદાહરણ સમજવા. હિંસા આદિ ક્રિયા કરવામાં શરીર આદિ મુખ્ય (આભ્યંતર) સાધન છે.

(૨) ઉત્તરગુણ નિર્વર્તના: તલવાર, લાકડી, પથ્થર વગેરે બાહ્ય સાધન છે.
મૂલ અને ઉત્તરગુણ ની રચનામાં હિંસા આદિ ક્રિયા જો રચના કરાય અધિકરણ રૂપ છે.

(૨) <u>નિક્ષેપ</u>: નિક્ષેપ એટલે મૂકવું, રાખવું. તેના ૪ ભેદ છે.
(i) અપ્રત્યવેક્ષિત (ii) દુષ્પ્રમાર્જિત
(iii) સહસા અને (iv) અનાભોગ.

(i) <u>અપ્રત્યવેક્ષિત નિક્ષેપ અધિકરણ</u> :-
ભૂમિનો દ્રષ્ટિથી જોયા વિના અર્થાત્ વસ્તુપ્રમાર્જના કર્યા વિના કે જોયા ન જોયા જેવું કરીને વસ્તુ મૂકવી

(ii) <u>દુષ્પ્રમાર્જિત નિક્ષેપ અધિકરણ</u> :-
ભૂમિનું જેમ તેમ પ્રમાર્જન કરીને અથવા પ્રમાર્જન કર્યા વિના વસ્તુ મૂકવી.

(iii) <u>સહસા નિક્ષેપ અધિકરણ</u>
સહસા એટલે અકસ્માત્ કારણના વશથી અથવા ઉતાવળથી બરાબર જોયા વિનાની અને પ્રમાર્જન કર્યા વિનાની ભૂમિ ઉપર વસ્તુ મૂકવી

(iv) <u>અનાભોગ નિક્ષેપ અધિકરણ</u>-
વિસ્મૃતિ વગેરેથી ઉપયોગના અભાવે ભૂમિને જોયા વિના કે પ્રમાર્જ્યા વિના વસ્તુ મૂકવી.
આ રીતે પૂંજવા-પ્રમાર્જનાના દ્રષ્ટિકોણથી નિક્ષેપાધિકરણના ચાર ભેદો સૂત્રકાર મહર્ષિએ જણાવ્યા.

(૧) જો દ્રષ્ટિ પડિલેહણા બરાબર ન કરાઈ હોય તો અપ્રત્યવેક્ષિત
(૨) રજોહરણ વગેરેથી યોગ્ય પ્રમાર્જના ન કરાઈ હોય તો દુષ્પ્રમાર્જિત
(૩) ઉતાવળે કાર્ય કરવામાં પડિલેહણ કે પ્રમાર્જના રહી જાય ત્યારે સહસા નિક્ષેપ
(૪) ઉપયોગ રહિતપણું થઈ જતાં, પડિલેહણ-પ્રમાર્જના રહી જાય તો અનાભોગ નિક્ષેપ

(૩) <u>સંયોગ</u>: ભેગું કરવું, જોડવું કરવું, જોડવું. તેના બે ભેદ છે. (i) ભક્તપાન અને (ii) ઉપકરણ

(i) <u>ભક્તપાન</u>: ભોજનને સ્વાદિષ્ટ કરવા બે-ત્રણ વસ્તુ ભેગી કરવી. જેમ રોટલી સાથે ગોળ, મુરબ્બો, શાક અને દાળ વગેરે. તેમ ભાત સાથે દાળ-કઢી વગેરે મિશ્ર કરી વધુ સ્વાદિષ્ટ કરવું.

(ii) <u>ઉપકરણ</u>: ઉપર નીચેના વસ્ત્રોનું જોડાણ કરવું. કોઈ વસ્ત્ર નવું પહેર્યું હોય તો બીજું પણ નવું જ પહેરવું.

(૪) <u>નિસર્ગ</u>: ત્યાગ કરવું. તેના ત્રણ ભેદો છે.
(i) <u>મનો નિસર્ગ</u>: મનમાં શાસ્ત્રથી વિરુદ્ધ વિચારો કરવા.

(ii) <u>વચનનિસર્ગ</u>: શાસ્ત્ર વિરુદ્ધ બોલવું. ખોટી હિમાયત ચલાવવી. બીજાને ખોટા રસ્તે ચઢાવવા.

(iii) <u>કાયનિસર્ગ</u>: કાયાને દુરાચારમાં નાંખવી. અગ્નિસ્નાન કરવું. પાણીમાં ડૂબી મરવું. ગળે ફાંસો નાંખવો. આપઘાત કરવો.

આ પ્રમાણે જીવ અધિકરણના ૧૦૮ અને અજીવ અધિકરણના મુખ્ય ૪ ભેદો છે. તેના ઉત્તરભેદો ૨+૪+૨+૩ = ૧૧ છે, તેના દ્વારા આ જીવ પાપકર્મો કરે છે. માટે જીવ કર્મોનો કર્તા છે અને આ જીવ પાપો કરવામાં સ્વતંત્ર છે.

તત્પ્રદોષ - નિહ્નવ - માત્સર્ય - અંતરાય
આસાદન - ઉપઘાતા: જ્ઞાનદર્શનાવરણયો: 6-11

સૂત્રાર્થ: જે (જ્ઞાન - જ્ઞાની અને જ્ઞાનના સાધનો કે દર્શન, દર્શની અને દર્શનના સાધનો) ઉપર (1) અત્યંત દ્વેષ (2) નિહ્નવ (3) માત્સર્ય (ઈર્ષા) (4) અંતરાય (5) આસાદન અને (6) ઉપઘાત કરવો. આ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવો છે.

ભાવાર્થ: સૂત્રમાં દર્શાવેલ છ કારણો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના આશ્રવના છે, તેમાં ભેદ એટલો જ છે કે જો આ છ જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનોના વિષયમાં હોય તો જ્ઞાનાવરણનો આશ્રવ થાય છે અને જો દર્શન, દર્શની અને દર્શનના સાધનોના વિષયમાં હોય તો તે દર્શનાવરણનો આશ્રવ થાય છે.

(1) પ્રદોષ: વ્યાખ્યાન કે વાચના ના સમયે પ્રકાશિત થતા તત્ત્વજ્ઞાન પ્રત્યે અરુચિ થવી. જ્ઞાન ભણતા કંટાળો આવવો, જ્ઞાનીની પ્રશંસા સહન ન થવી કે અંતર મત્સરતાથી તેમના પ્રત્યે દ્વેષ અથવા વેર ભાવ રાખવો. જ્ઞાનના સાધનો જોઈને તેના પ્રત્યે રુચિ કે પ્રેમ ન થવો.

(2) નિહ્નવ:
— જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનોનો અપલાપ કરવો, તેમનો છૂપાવવા, અંદરમાં બહુમાન ન કરવું
— કોઈ પણ પૂછે અગર જ્ઞાનનું સાધન માંગે ત્યારે જ્ઞાન અને સાધન પાસે હોવા છતાં હું નથી જાણતો, મારી પાસે તે વસ્તુ નથી એવું કહેવું તે જ્ઞાન નિહ્નવ છે.
— પોતાની પાસે જ્ઞાન હોવા છતાં કોઈ ભણવા આવે ત્યારે કંટાળો, પ્રમાદ વગેરે કારણોથી હું જાણતો નથી એમ કહીને ન ભણાવવું. જેમની પાસે અધ્યયન કર્યું હોય

તેમને જ્ઞાનગુરૂ ન માનવા, જ્ઞાનના સાધન પોતાની પાસે હોવા છતાં નથી એમ કહેવું.
— જ્ઞાનને છૂપાવવું (hide), જ્ઞાનીના વચનો પર શંકા લાવીને પોતાની માન્યતાનું સ્થાપન કરવું. જેમ કે જમાલી, ગોષ્ઠામાહિલ વગેરે.

(૩) <u>માત્સર્ય</u>: જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનો પ્રત્યે ઈર્ષા રાખવી.
પોતાની પાસે જ્ઞાન હોય અને કોઈક વ્યક્તિ ભણવા આવે ત્યારે આ ભણીને મારા જેવો વિદ્વાન થઈ જશે કે મારાથી પણ આગળ નીકળી જશે એમ વિચારી તેને જ્ઞાનદાન ન કરવું.

(૪) <u>અંતરાય</u>: જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોને વિશે વિઘ્નો ઉભા કરવા, સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિમાં કોઈપણ રૂપે વિઘ્ન નાંખવું તે અંતરાય.
અભ્યાસનો ભણવા વગેરેમાં વિઘ્ન ઉભું કરવું, સ્વાધ્યાય ચાલુ હોય ત્યારે નિરર્થક તે સ્વાધ્યાય કરનારનો બોલાવવો, કામ સોંપવું, તેની જ્ઞાન આરાધનામાં વિક્ષેપ પડે તેમ બોલવું કે વર્તવું, વ્યાખ્યાનમાં વાતો કરવી, હોંકાર કરવો, અન્યને વ્યાખ્યાનમાં જતા રોકવા, જ્ઞાનના સાધનો હોવા છતાં ન આપવા.

(૫) <u>આશાતના</u>: જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનો પ્રત્યે અનાદરથી વર્તવું. વિનય બહુમાન વગેરે ન કરવું, ઉપેક્ષા કરવી, અવિધિએ ભણવું, ભણાવવું વગેરે જ્ઞાન આશાતના છે.

(૬) <u>ઉપઘાત</u>: અજ્ઞાનના વગેરેથી, આ કથન અસત્ય છે ઈત્યાદિ રૂપે જ્ઞાનમાં દૂષણ લગાડવું. આમ ન જ હોય ઈત્યાદિ રૂપે જ્ઞાનીના વચનો અસત્ય માનવા. જ્ઞાનીને આહારાદિના દાનથી સહાયતા ન કરવી. જ્ઞાનના સાધનોનો નાશ કરવો.

શંકા: આસાદન અને ઉપઘાતમાં શું ફેર છે?
સમાધાન: છતે જ્ઞાને તેનો વિનય ન કરવો, બીજા સામે તે ન પ્રકાશવું, તેના ગુણો ન જણાવવા એ "આસાદન" છે. જ્યારે ઉપઘાતમાં જ્ઞાનને જ અજ્ઞાન માની તેનો નાશ કરવાનો ઇરાદો હોય છે.

પ્રદોષાદિ છ તરફોમાં સમાવિષ્ટ અન્ય આશ્રવો:—
— જ્ઞાનીની પ્રતિકૂળ વર્તવું અથવા તેનું અપમાન કરવું
— જ્ઞાનીના વચનો પર શ્રદ્ધા ન રાખવી
— જ્ઞાનનો ગર્વ કરવો કે પોતાને પંડિત માનીને ચાલવું
— સ્વાધ્યાય, વ્યાખ્યાનશ્રવણ વગેરે અનાદરથી કરવા
— અભ્યાસમાં પ્રમાદ કરવો. નીંદા આવતાથી સ્વાધ્યાય ન કરવો.
— સૂત્ર વિરુદ્ધ બોલવું, કૂડો ઉપદેશ આપવો.

વર્તમાન કાળે થતી જ્ઞાન આશાતનાના કેટલાક દૃષ્ટાંતો:—
— પુસ્તકાદિ જ્ઞાનના સાધનોને નીચે ભૂમિ ઉપર રાખવા.
— જ્ઞાનના સાધનો ગમે ત્યાં ફેંકી દેવા, મેલા કપડામાં બાંધવા
— પુસ્તકના પાનાને, કાગળમાં કે પત્રિકાઓમાં રાખી બાળીફૂંક કર્યું.
— એંઠા મોઢે બોલવું, જમતી વખતે છાપું કે ચોપડી વાંચવા
— અક્ષરવાળા કપડાં કે અન્ય ખાવાના પદાર્થોનો ઉપયોગ કરવો
— કાગળમાં ખાવું, કાગળ ઉપર પગ મૂકવા, કાગળ ગંદકીમાં ફેંકવા
— અશુચિવાળો, ગુરુપદની પુસ્તકને અડકવા કે પુસ્તક ઉપર રાખવા

સાર: સૂત્રકાર મહર્ષિએ આ સૂત્ર દ્વારા જ્ઞાન અને દર્શન એ બે ગુણોને ઢાંકનારા કર્મોને બાંધવા બંધહેતુઓને જણાવ્યા છે. જ્ઞાન અને દર્શન ગુણ આત્માના ગુણો છે તેથી જ્ઞાની અને જ્ઞાનના સાધનો તથા દર્શની અને દર્શનના સાધનો પ્રતિ જરાપણ અસાવધાની કે ઉપેક્ષા રાખીશું તો તેનાથી આપણા જ ગુણોનો અર્થાત્ આપણો જ આચ્છાદન છે.
જો કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરવાની અભિલાષા હોય તો તેની સાથે સંબંધ ધરાવતા જ્ઞાન-દર્શન, જ્ઞાની-દર્શની અને જ્ઞાન-દર્શનના સાધનોનો અંતઃકરણપૂર્વક આદર કરવો જોઈએ.

અસાતાવેદનીય કર્મના આશ્રવો:-

દુઃખ-શોક-તાપ-આક્રન્દન-વધ-પરિદેવનાન્યાત્મ-પર-ઉભયસ્થાન્યસદ્વેદ્યસ્ય ---6-12

**સૂત્રાર્થ:** દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ અને પરિદેવન (1) સ્વતઃ અનુભવે કે (2) અન્યને કરાવે તથા (3) સ્વતઃ પણ અનુભવે અને અન્યને પણ કરાવે એમ ત્રણ રીતે અસાતાવેદનીય કર્મના આશ્રવો બને છે.

**ભાવાર્થ:** સૂત્રકાર મહર્ષિ અસાતા વેદનીય કર્મનો આશ્રવ કઈ રીતે થાય તેની વાત કરે છે.

દુઃખ ધારણ કરવું કે આપવું. શોક કરવો કે કરાવવો. તાપ-પીડા કરવી કે કરાવવી. આક્રન્દન-રૂદન કરવું કે કરાવવું, વધ કરવો કે કરાવવો, લાંબા-[illegible] કરવી કે કરાવવી. આ રીતે પોતે દુઃખ વગેરે ધારણ કરવું - બીજાને દુઃખ વગેરે આપવું કે બંને પ્રકારે દુઃખ વગેરે ઉત્પન્ન કરવા-કરાવવા તે અસાતા-વેદનીય કર્મનો આશ્રવ છે.

**દુઃખ:** બાહ્ય કે આંતરિક નિમિત્તથી પીડા થવી તે દુઃખ. ઇષ્ટનો વિયોગ, અનિષ્ટ વસ્તુનો સંયોગ, નિષ્ઠુર વચન આદિ બાહ્ય કારણોની અપેક્ષાએ તેમજ રોગ વગેરે અભ્યંતર નિમિત્તોથી અસાતાવેદનીયના ઉદયથી થતી પીડા ને દુઃખ કહ્યું છે.

**શોક:** કોઈ સ્વજન કે મિત્રનો સંબંધ તૂટવાથી જે ખિન્નતા થાય તે શોક. મિત્ર, સ્વજન, બંધુ, પ્રેમી આદિનો સંબંધ વિચ્છેદ થઈ જવાથી તેનો વારંવાર વિચાર કરવાને લીધે જે ઉદ્વેગ થવાથી શોક મોહનીય કર્મનો ઉદય થાય છે.

**તાપ:** અપમાન થવાથી મન કલુષિત થવાને લીધે જે તીવ્ર સંતાપ થાય છે તેને તાપ કહે છે.
કોઈ અનુચિત (Inappropriate) કામ થઈ જવાથી કઠોર વચન, ઠપકો, નિંદા વગેરે થવાથી કલુષિત (disturbed) ચિત્તવાળી વ્યક્તિનો મનોમન જે તીવ્ર બળતરા કે સંતાપકારી પરિણામો થાય છે તેનો તાપ કહે છે.

**આક્રંદન :** ગદ્ગદ્ સ્વરે આંસુ સારવા સાથે રડવું તે આક્રંદન.
બહુ પડતા દુઃખ, શોક કે સંતાપને લીધે, માનસિક
ભાનભૂલી દિવાલે, હાથ-પગ પછાડી, કલ્પાંત કરે, અને
હૈયાફાટ રૂદન કરે તેને આક્રંદન કહે છે.

**વધ :** પ્રાણો લેવા તેને વધ કહે છે.
દશ પ્રકારના પ્રાણોમાંથી કોઈ પણ પ્રાણનો નાશ કરવાવાળી
પ્રવૃત્તિ કરવી તેને વધ કહે છે.

**પરિદેવન :** વિયોગી પામેલા ગુણોયાદ આવવાથી ઉત્પન્ન
થયું કરૂણાજનક રૂદન.
અનુગ્રહ કરનાર બંધુ આદિના વિયોગથી વિલાપ કરવો.
બીજાને દયા આવે એ રીતે રડી દીન બનીને તેના
વિયોગનું દુઃખ પ્રગટ કરવું તેને પરિદેવન કહે છે.

**શંકા :** શોક અને પરિદેવન શું ફેર છે ?

**સમાધાન :** શોકમાં મનમાં ચિંતા કે ખેદ હોય છે.
જ્યારે પરિદેવનમાં હૃદયમાં રહેલ ચિંતા કરૂણ શબ્દો
બહાર પ્રગટ થાય છે.

ટૂંકમાં બીજાને દુઃખ થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ અસાતાવેદનીય
કર્મનો આશ્રવ બને છે.
અનીતિ, વિશ્વાસઘાત, ત્રાસ, તિરસ્કાર, ક્રૂરતા, પરનિંદા,
નિર્દયતા, મહાઆરંભ, મહાપરિગ્રહ વગેરે પણ
અસાતાવેદનીય કર્મના આશ્રવો છે.

__શંકા:__ સૂત્ર ૬-૧૨ માં જણાવેલા દુઃખ આદિ નિમિત્તો સ્વ કે પરમાં ઉત્પન્ન કરવાથી અસાતાવેદનીય કર્મનો બંધ કરાવનારા હોય તો ઉપવાસ, લોચ, વ્રત, પરિષહ સહેવા વિ. દુઃખ તો થવાનું જ છે અને તે બધું અસાતાવેદનીય કર્મનો આશ્રવ જ કરાવશે. તો પછી આ વ્રત નિયમ - અનુષ્ઠાન - તપ શા માટે કરવા જોઈએ ?

__સમાધાન:__ આ પ્રશ્ન અજ્ઞાન કે અધૂરી સમજથી ઉભો થયો છે. તમે જણાવેલા સર્વ પ્રકારોથી અસાતાવેદનીય કર્મના આશ્રવ થતા નથી પણ ~~[illegible]~~ કર્મોની ઘણી નિર્જરા થાય છે.

સ્વેચ્છાએ થતા વ્રત, નિયમ તપ-ધ્યાન આદિથી અસાતાવેદનીય કર્મનો આશ્રવ થતો નથી.

ખરા ત્યાગી કે તપસ્વી ગમે તેવા કઠોર વ્રત-નિયમ પાળીને દુઃખ ભોગવે કે દુઃખ વહોરી લે તો પણ તેમાં ક્રોધાદિ બુદ્ધિ નથી હોતી, તો પ્રવૃત્તિ સદ્બુદ્ધિ અને શુદ્ધવૃત્તિથી પ્રેરાયેલી થાય છે.

આત્મશુદ્ધિના હેતુથી સ્વેચ્છાએ સ્વીકારાયેલા દુઃખ કે તેવા પ્રકારના અસાતાવેદનીય કર્મોના ઉદયથી સ્વયં આવી પડેલ દુઃખ, દુઃખ હોવા છતાં સમભાવે સહન કરાતું હોવાથી, મનની પ્રસન્નતાને કારણે પૂર્વે બંધાયેલ અશુભ કર્મોનો ક્ષય કરાવનારું થાય છે.

સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવામાં આવે તો અધ્યાત્મ પ્રેમીઓને તપ વગેરેમાં થતું દુઃખ પણ સુખરૂપ લાગે છે કેમ કે તેની દૃષ્ટિ જ આત્મસુખ તરફ હોય છે. જેમ પગમાં કાંટો વાગે કે સોય વડે કાંટો કાઢતા દુઃખ તો થવાનું જ છે, છતાં કાંટો નીકળતા થનાર સુખને લીધે સોયથી થતું દુઃખ, દુઃખરૂપ લાગતું નથી.

એ જ રીતે આધ્યાત્મિક માર્ગમાં કષ્ટનું વિધાન ભાવી સુખને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યું છે જેમાં વર્તમાન કાળે સહેવાનું દુઃખ, દુઃખરૂપ જણાતું નથી કેમ કે તેના વડે જ શાશ્વત સુખ પ્રગટ થવાનું છે. શાશ્વત સુખની પ્રાપ્તિ વખતે સઘળા અસાતાવેદનીયનો ક્ષય થઈ જ જવાનો છે.

ભૂત-વ્રતી-અનુકંપા દાનં સરાગ-સંયમ-આદિ
યોગ: ક્ષાન્તિ: શૌચમ્ ઇતિ સદ્વેદ્યસ્ય ---- 6-13

<u>સૂત્રાર્થ</u>: ભૂત-અનુકંપા, વ્રતી-અનુકંપા, દાન, સરાગ-સંયમ, આદિ શબ્દથી સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ એ સરાગસંયમાદિરૂપ યોગ, ક્ષમા અને શૌચ એ સાતાવેદનીય કર્મના આશ્રવો છે.

<u>ભાવાર્થ</u>: સૂત્રકાર મહર્ષિ આ સૂત્ર દ્વારા શાતાવેદનીય કર્મના આશ્રવો જણાવે છે.
પ્રાણીમાત્રની દયા, વ્રતધારીઓની વિશેષ અનુકંપા, દાન, રાગયુક્ત ચારિત્ર, દેશવિરતિ ચારિત્ર, અકામ નિર્જરા, સમ્યગ્જ્ઞાન રહિત હતો એવો બાલતપ, સત્ક્રિયારૂપ યોગો, ક્ષમા અને સંતોષ એ સર્વે સાતાવેદનીય કર્મના આશ્રવો થાય છે.

(1) <u>ભૂત-અનુકંપા</u> :- ચાર ગતિમાં ભટકતા સર્વ જીવોના દુઃખિતપણાદિ જોઈ જીવો પ્રત્યે દયાના પરિણામ તે ભૂત-અનુકંપા કહેવાય છે.

(2) <u>વ્રતી-અનુકંપા</u> : હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહથી વિરમવું તેને વ્રત કહેલ છે. આ વ્રતને જે ધારણ કરે તેને "વ્રતી" કહેવામાં આવે છે. વ્રતીના અગારી અને અણગારી એમ બે ભેદ છે.
<u>અગારી વ્રતી</u>: અગાર એટલે ઘર, ગૃહવાસમાં રહી દેશથી વ્રતનું પાલન કરે તે વ્રતી અગારી કહેવાય છે. ટૂંકમાં સ્થૂલ થી પ્રાણાતિપાત આદિનો ત્યાગ કરનાર દેશવિરતિ ધર એવો શ્રાવક તે અગારી વ્રતી છે.
જુના કાળ પ્રમાણે ઘરની વ્યાખ્યા કરતા જણાવે છે કે જ્યાં ખાંડણી (Grinder), ઘંટી (Mixer), ચૂલો (oven), પાણીયારું (Freeze (?), Faucet (?)) અને સાવરણી (Broom) એ પાંચનો વપરાશ થતો હોય તે ઘર કહેવાય અને ઘરમાં રહે તે ગૃહસ્થ અર્થાત "અગારી" કહેવાય છે.

અણગારી-વ્રતી: અગાર કે ઘર રહિત હોય તે અણગારી કહેવાય છે. અણગાર એટલે ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને, હિંસા-અસત્ય-ચોરી-મૈથુન-પરિગ્રહ એ પાંચે પ્રકારના પાપ વ્યાપારથી સર્વથા નિવૃત્ત થઈને વ્રતને ધારણ કરેલા (સાધુ) તથા જ્ઞાનાચાર વગેરે પાંચે આચારમાં પ્રવૃત્ત એવા સાધુને અણગારી વ્રતી કહ્યા છે.
ભિક્ષુ, મુનિ, યતિ, સંયત, શ્રમણ, અણગાર, નિર્ગ્રંથ વગેરે સાધુના પર્યાયવાચી શબ્દો છે.
બંને પ્રકારના વ્રતીની ભોજન, પાન, વસ્ત્ર, પાત્ર, આશ્રય, ઔષધ આદિ વડે ભક્તિ (અનુકંપા) કરવી એ વ્રતી અનુકંપા છે.

(૩) દાન:- સ્વ-પર પ્રત્યે અનુગ્રહ બુદ્ધિથી પોતાની વસ્તુ પરને આપવી તે દાન છે.

(૪) સરાગસંયમ: સંસારના કારણરૂપ તૃષ્ણાને દૂર કરવા તત્પર થઈ સંયમ સ્વીકાર્યા છતાં પણ જ્યારે મનમાં રાગના સંસ્કારો ક્ષીણ થયા હોતા નથી ત્યારે તે સંયમ સરાગસંયમ કહેવાય છે. સંજ્વલન લોભાદિ કષાય ને ટૂંકમાં "રાગ" તરીકે ઓળખાવાય છે, આ રાગ થી સહિત તે સરાગ. જ્યારે સંયમનો અર્થ થાય છે પ્રાણાતિપાત આદિ પાપોથી નિવૃત્તિ. રાગસહિત એવો સંયમ તે સરાગ સંયમ કહેવાય છે.

(૫) સંયમાસંયમ:- જેમાં કંઈક અંશે સંયમ હોય અને કંઈક અંશે અસંયમ હોય તેવી સ્થિતિને સંયમાસંયમ અર્થાત્ દેશવિરતિ કહેવાય છે.

(૬) અકામનિર્જરા:- કામ એટલે ઇચ્છા. નિર્જરા એટલે કર્મોનો ક્ષય. ઇચ્છાપૂર્વક કર્મોનો નાશ તે સકામનિર્જરા અને ઇચ્છા વિના કર્મોનો નાશ તે અકામનિર્જરા. ઇચ્છા ન હોવા છતાં પરતંત્રતા, અનુરોધ, સાધનનો અભાવ.

રોગ વગેરેના કારણે પાપપ્રવૃત્તિ ન કરે, વિષય સુખનું સેવન ન કરે, આવેલ કષ્ટ શાંતિથી સહન કરે, બ્રહ્મચારીને અકામ નિર્જરા થાય.

પરતંત્રતાથી અકામ નિર્જરા: નોકર, જેલમાં ગયેલો માણસ વગેરે લોકો ઇષ્ટના વિયોગનું અને અનિષ્ટના સંયોગનું દુઃખ સહન કરે છે. સારા આહાર કે સુંદર વસ્ત્રાદિનો ઉપભોગ કરતા નથી. જો તેઓ આવેલી સ્થિતિને શાંતિથી સહન કરે તો તેઓને અકામ નિર્જરા થાય છે.

અનુરોધ (દાક્ષિણ્ય કે પ્રીતિ) થી અકામનિર્જરા:- મિત્ર કે સ્વજન વગેરે આપત્તિમાં આવે ત્યારે દાક્ષિણ્યતાથી કે પ્રીતિથી તેમને મદદ કરવા કષ્ટ સહન કરે, વ્યવહારની ખાતર મિષ્ટાન્ન આદિનો ત્યાગ કરે તો તે અકામ નિર્જરા છે.

સાધનના અભાવે અકામ નિર્જરા:

ગરીબ માણસો, નિરાંતે ઠંડી કે ગરમીનું દુઃખ શાંતિથી સહન કરે ~~[illegible]~~, આ બિચારાની ઇચ્છા હોય છતાં પણ રૂપિયાના અભાવને કારણે કંઈ મળતું નથી તો તે સાધનનો અભાવ કહેવાય. આવી સ્થિતિને સહન કરવી તો અકામ નિર્જરા છે.

રોગથી અકામ નિર્જરા: બીમાર મનુષ્યને સાજા, તાજા ખાવું ન હોય છતાં ડોક્ટરે ડાયાબિટીસ છે એટલે મિષ્ટાન્ન ખાઈ શકતો નથી, દમ છે એટલે ઠંડા પીણાં પી શકતો નથી એવા ભાવ આવેલા છે. આવા કારણે જે કંઈ સહન કરે તેને અકામ નિર્જરા કહી છે.

દુઃખમાં સહન કરવાના ઇરાદા સિવાય જે કંઈ સહન કરે અથવા નિર્જરાના ઉદ્દેશ રહિત પણે જે કંઈ નિર્જરા થાય તો તે સર્વે અકામ નિર્જરા છે.

(૭) બાલતપ: અજ્ઞાનતાથી વિવેક રહિત કરેલો અગ્નિપ્રવેશ, પંચાગ્નિતાપ વગેરે બાલતપ છે. સમ્યક્દર્શન વિના અજ્ઞાનપૂર્વકનો તપ તે બાલતપ છે.

(૮) **ક્ષમા:** ક્રોધકષાયના ઉદયને રોકવો કે ઉદય પામેલા કષાયને નિષ્ફળ બનાવવો. પ્રતિકારની શક્તિ હોવા છતાં પણ બીજાના આક્રોશ, દુર્વચનો આદિ સાંભળીને ક્રોધ ન કરવો તેને ક્ષમા કહેવાય.

(૯) **શૌચ:** લોભ કષાયનો ત્યાગ અર્થાત્ સંતોષ બાહ્ય શરીરની શુદ્ધિ અને આંતરિક (આભ્યંતર) ભાવાત્મક પવિત્રતા તે શૌચ.

આ સર્વે સાતાવેદનીય કર્મના આશ્રવો છે.
તદુપરાંત ધર્મરાગ, તપનું સેવન, જાપ, ધ્યાન, તપસ્વીની વૈયાવચ્ચ, દેવગુરુની ભક્તિ, માતા-પિતાની સેવા, વગેરેના શુભ આચરણો પણ સાતાવેદનીય કર્મના આશ્રવો છે.
આ આશ્રવોથી ભવાંતરમાં કે આ ભવમાં પણ સુખ મળે તથા શુભ કર્મ બંધાય છે.

કેવલિ-શ્રુત-સંઘ-ધર્મ-દેવ-અવર્ણવાદ: દર્શનમોહસ્ય ૬-૧૪

**સૂત્રાર્થ:** કેવળજ્ઞાની, શ્રુતજ્ઞાન, ચતુર્વિધ સંઘ, જૈન ધર્મ, અને દેવોની નિંદા-ટીકા (અવર્ણવાદ) એ દર્શન મોહનીયનો આશ્રવ છે.

**ભાવાર્થ:**

(૧) **કેવળી-અવર્ણવાદ :-**

રાગ-દ્વેષ રહિત અને કેવળજ્ઞાન યુક્ત હોય તે કેવળી. કેવળજ્ઞાન-કેવળ દર્શન જેમને પ્રાપ્ત થયું છે તથા તેરમા ગુણસ્થાને વર્તતા અને જેમના ચાર ઘાતી કર્મ નષ્ટ થઈ ચૂક્યા છે એવા કેવળી પરમાત્માનો અવર્ણવાદ કરવો જેમકે:

— કેવળી શરમ વગરના છે કેમ કે નગ્ન ફરે છે.
— દેવાદિ રચેલ સમવસરણનો ઉપયોગ કરે છે માટે તે અપકાય આદિની હિંસાનુ અનુમોદન કરે છે.
— સર્વજ્ઞ હોવાથી મોક્ષના સરળતમ ઉપાયો જાણવા છતાં આવા તપ-ત્યાગ આદિ કઠિન ઉપાયો બતાવે છે.
— નિગોદમાં અનંત જીવો હોઈ શકે જ નહીં.

આ રીતે દુર્બુદ્ધિ થી કેવળજ્ઞાની પ્રભુની નિંદા કરવી, નિંદારૂપ અને ખોટું વર્ણન કરવું, બોલવું, વિચારવું વગેરે કેવળીનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આશ્રવ છે.

(૨) **શ્રુત-અવર્ણવાદ :-**

જિનેશ્વર પ્રરૂપિત તત્વ ને શ્રુત કહેવાય છે. અર્થાત્ તીર્થંકર પરમાત્મા પ્રણીત અને સૂત્રથી ગણધર દ્વારા ગુંથાયેલી (રચાયેલી) મૂળભૂત દેશના કે શાસ્ત્રને શ્રુત કહેવામાં આવે છે

આ શ્રુતનો અવર્ણવાદ કરવો જેમ કે :-

— આ સૂત્રો પ્રાકૃત અર્થાત્ સામાન્ય ભાષામાં રચાયેલા હોવાથી તુચ્છ છે.

— આગમમાં કોઈ વસ્તુનું નિરર્થક વારંવાર વર્ણન આવે છે.
— અનેક પ્રકારના અયોગ્ય અપવાદો બનાવેલા છે.
— દેશ-બુદ્ધિવાળા શાસ્ત્રના ખોટેખોટા દોષો કાઢીને કહેવા.
આવી રીતે શ્રુતનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આશ્રવ છે.

(3) સંઘ-અવર્ણવાદ:
સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા તે ચતુર્વિધ સંઘ.
આવા શ્રી સંઘનો અવર્ણવાદ કરવો- જેમ કે
— સાધુ-સાધ્વી ગંદા હોય છે, તેઓ શરીર પવિત્ર રાખતા નથી.
— તેઓ મેલા-ઘેલા છે, કદી સ્નાન કરતા નથી.
— સમાજનું અન્ન ખાય છે પણ સમાજની સેવા કરતા નથી.
— સમાજનો માથે ભાર રૂપ છે.
— શ્રાવક-શ્રાવિકા પણ સાવ વેવલા છે.
— સાધુ-સાધ્વી વ્રત-નિયમ વગેરે નાહકના કષ્ટો વેઠે છે.
આ રીતે સંઘનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આશ્રવ છે.

(4) ધર્મ-અવર્ણવાદ :-
દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખે તે ધર્મ.
અહિંસા, સંયમ અને તપરૂપે પણ ધર્મ કહ્યો છે.
આ ધર્મનો અવર્ણવાદ કરવો જેમ કે :-
— ધર્મનું કોઈ ફળ પ્રત્યક્ષ દેખાતું નથી
— ધર્મથી સુખ મળે છે તે વાત ખોટી છે. કેમકે ધર્મીઓ દુઃખી દેખાય છે અને ધર્મ ન કરનારા સુખી દેખાય છે.
ટૂંકમાં જૈન શાસન અને તીર્થરૂપ આખા ધર્મની નિંદા થાય તેવું કરવું, કરાવવું અને તેમ થતું હોય ત્યારે ન રોકવું વગેરે ધર્મનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આશ્રવ છે.

(5) દેવ-અવર્ણવાદ:
ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ.
આ દેવો સંબંધી અવર્ણવાદ કરવો જેમ કે:-

- દેવો છે જ નહીં. જો હોય તો શા માટે અહીં ન આવે?
- દેવો માંસ, મદિરાના સેવન કરનારા છે.
- દેવો હોય તો પણ નાટકમાં જ છે પરંતુ શક્તિશાળી હોવા છતાં આપણને મદદરૂપ થતાં નથી.

આ રીતે દેવોનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આશ્રવ છે.

દર્શન મોહનીય આશ્રવના અન્ય પ્રકારો:-
- મિથ્યાત્વના તીવ્ર પરિણામ
- ઉન્માર્ગ દેશના
- ધાર્મિક લોકોના દુષણો જોવા
- દેવદ્રવ્યની હાનિ કરવી
- અસંયતીની પૂજા કરવી

શંકા: દર્શન મોહનીય નો સંક્ષેપમાં શું અર્થ કરશો?
સમાધાન: જે પદાર્થ જેવો છે તેને તેવો જ જોવો તથા સમજવો તેને દર્શન કહે છે. અથવા તત્ત્વો ઉપરની શ્રદ્ધાને દર્શન કહે છે. દર્શન એ આત્માનો ગુણ છે. તેનો ઘાત કરનાર કર્મ, દર્શન મોહનીય કહેવાય છે.

સાર: દુઃખનું મૂળ સંસાર છે, સંસારનું મૂળ દર્શન મોહનીય અર્થાત્ મિથ્યાત્વ છે. મોક્ષના અર્થી આત્માઓ ભૂલથી કે પ્રમાદથી પણ કેવળી, શ્રુત, સંઘ, ધર્મ આદિનો અવર્ણવાદ ન થઈ જાય તેની કાળજી રાખવી જોઈએ.

નિંદા પણ અવર્ણવાદને અઢાર પાપ સ્થાનકોમાં ગણેલા પરપરિવાદ પાપસ્થાનક જ ગણાવેલ છે. આ સૂત્રમાં જણાવેલા ચારે અવર્ણવાદને મિથ્યાત્વરૂપ મહાપાપના કારણ સમજીને પોતે અવર્ણવાદ કરવો નહિ, કરાવવો નહિ, અને બીજો કરતું હોય તો અનુમોદન આપવું નહિ. દર્શનમોહનીયના આશ્રવોથી દૂર રહી, સમ્યક્ત્વ ગુણનો પુરુષાર્થ કરી મોક્ષ માર્ગે આગળ વધવું એ જ ઉત્તમ માર્ગ છે.

કષાય-ઉદયાત્ તીવ્ર-આત્મપરિણામ: ચારિત્ર મોહસ્ય ૬-૧૫

<u>સૂત્રાર્થ</u>: કષાયના ઉદયથી આત્માના તીવ્ર (અતિ સંક્લિષ્ટ) પરિણામો ચારિત્ર મોહનીય કર્મના આશ્રવો છે.

<u>ભાવાર્થ</u>: ૧૬ પ્રકારે કષાય અને ૯ પ્રકારે નોકષાય એમ ચારિત્ર મોહનીય કર્મના ૨૫ ભેદ છે.
તેના આશ્રવો સંક્ષેપમાં આ પ્રમાણે છે.
— પોતાને અને પરને કષાય ઉપજાવવા
— તપસ્વીની વ્રતધારીઓની નિંદા કરવી
— તપસ્વી વગેરેના ચારિત્ર માં દોષ લગાડવા
— ગુણસંપન્ન સાધુઓની નિંદા કરવી.
— દેશવિરતિ શ્રાવકોના ધર્મકાર્યોમાં અંતરાય કરવો
— ચારિત્રના ગુણોને દોષ રૂપ વર્ણવવા
આ રીતે પોતે કષાય કરવા, બીજાનો કષાય પ્રગટાવવા તથા કષાયને વશ થઈ અનેક તુચ્છ પ્રવૃત્તિઓ કરવી, અત્યંત સંક્લિષ્ટ પરિણામોથી ભવાંતરમાં ચારિત્રની પ્રાપ્તિ ન થાય તેવા કર્મો બંધાય છે.

<u>સાર</u>: ચારિત્ર મોહનીય કર્મ આત્માને સંસારમાં રખડાવે છે.
અનંતાનુબંધી કષાયનો ઉદય હોય ત્યારે સમ્યક્ત્વ પમાય નહીં.
અપ્રત્યાખ્યાનીના ઉદયે સર્વવિરતિ પ્રાપ્ત થતી નથી
પ્રત્યાખ્યાનીના ઉદયે દેશવિરતિ પ્રાપ્ત થતી નથી અને સંજ્વલન કષાયનો ઉદય વર્તતો હોય ત્યાં સુધી કેવળજ્ઞાન અને કેવળદર્શનનો લાભ થતો નથી.
જેટલે અંશે કષાય અને નોકષાય રૂપ ચારિત્ર-મોહનીય કર્મો શાંત થશે તેટલે અંશે ચારિત્રની પ્રાપ્તિ સુલભ બનશે.